# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૪/ક્વા-૧/૧૯-૨૦/૫૬૪૪–૬** **તા.૨૭–૦૮–૧૯**

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૪/ક્વા-૧/૧૯-૨૦

અરજદાર: **જગદીશભાઈ મોહનભાઈ ખાનપરા** ગામ: **જુનાગઢ**
રજૂઆત કરનાર: **અરજદાર જગદીશભાઈ મોહનભાઈ ખાનપરા અને મગનભાઈ કેશવભાઈ ઘેટિયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **કેશોદ**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **આર. જી. ગોવાણી** - પીજીવીસીએલ વિભાગીય કચેરી – **કેશોદ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૨૦-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૩-૦૭-૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી. જેમા બન્ને પક્ષકાર ના રજુઆત કર્તા ઉપર મુજબ હાજર રહેલ હતા. ફોરમ કમિટી ની સુચના મુજબ સામેવાળા ને અરજદાર ની ફરીયાદ મુજબ – સ્થળ તપાસ કરી અને રીપોર્ટ આપવા જણાવેલ. ત્યારબાદ, સદર કેઈસની સુનાવણી અને ૨૦-૦૮-૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી. જેમા ઉપર જણાવ્યા મુજબ બન્ને પક્ષકારો ના રજુઆત કર્તા હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જગદીશભાઈ મોહનભાઈ ખાનપરા ગામ -જુનાગઢ તેઓની અરજીના નોંધણી નં: ૫૪/ક્વા-૧/ ૧૯-૨૦ માં જણાવે છે કે તેઓ કાલવાણી ગામ ના સર્વે નંબરઃ ૨૪૮ અને જુના સર્વે નંબરઃ ૪૯ પૈકી ૨ પૈકી ૨ ની ખેતીવાડીની જમીન માં વીજજોડાણ મેળવવા માટે તા.૩૦–૦૮–૧૦ થી રજીસ્ટ્રેશન કરાવેલ છે.

૨.૧ સદર સર્વેમાં આવેલ કુવામાં ૦૬ ભાગીદારો છે, અને કુવો મજમુ છે. તેમજ સર્વે નંબરઃ ૪૯ / ૨ માં ખેતીવાડી વીજજોડાણ ચાલુ છે, જેમા સરખો હકક ધરાવે છે. પીજીવીસીએલ દ્રારા જણાવેલ કે – જે કુવા ઉપર જોડાણ છે, તે તેઓની માલીકીનુ ન હોય – સદર કુવાના માલીક અમૃતલાલ ગોરધનભાઈ હોય – જેનુ વીજલેણુ બાકી હોય – જે

સદર અરજદાર પાસેથી રૂ.૮,૦૦૦/– વસુલી કરાયેલ છે, તેમ છતા – વીજજોડાણ આપવાની કાર્યવાહી કરાયેલ નથી.

૨.૨ સદર સહીયારા કુવા ઉપર અરજદાર ના નાના ભાઈ – ગીરીશભાઈ મોહનભાઈ ખાનપરા દ્વારા વીજજોડાણ માંગેલ છે, જે સામેવાળા દ્વારા આપી દીધેલ છે. ગીરીશભાઈ સદર કુવા તથા બોર માં સરખો હકક ધરાવે છે.

૨.૩ સામેવાળા દ્વારા જણાવેલ કે – સર્વે નંબરઃ ૪૯ / ૨ / ૨ મા સ્વતંત્ર બોર ધરાવતા હોય તો – ૭–૧૨માં બોર ની એન્ટ્રી કરાવી અને તેમા વીજજોડાણ મળી શકે. જેથી, અરજદાર દ્વારા સદર બાબતે ની ૭–૧૨માં એન્ટ્રી કરાવવા છતા – વીજજોડાણ અપાયેલ નથી.

૨.૪ અરજદાર દ્વારા તા.૦૬–૦૮–૧૯ થી લેખીત રજુઆત મુજબ– તેઓના સર્વે માં હૈયાત વીજજોડાણ ચાલુ છે, જે સંયુકત માલીકી નુ છે. જો પીજીવીસીએલ દ્વારા તેઓનુ નવુ મંજુર કરાયેલ વીજજોડાણ પ્રથમ કુવા પર આપવામા આવે તો – ત્યારબાદ, હૈયાત વીજજોડાણ માથી તેઓનો હકક હિસ્સો જતો કરવા તૈયાર છે. આમ, ઉપરોકત બાબતે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી જગદીશભાઈ મોહનભાઈ ખાનપરા, હાલ-રહેવાસી જુનાગઢ દ્વારા તેમની કેશોદ તાલુકાના કાલવાણી ગામે આવેલ સર્વે નં. ૪૯/પૈકી-૨/પૈકી-૨ વાળી જમીન પર તેમણે સ્વતંત્ર કરાવેલ નવા બોર પર ખેતીવાડી વિજ કનેક્શન કેશોદ (ગ્રામ્ય-૧) આર.ઈ.દ્વારા ન અપાતું હોવા બાબત નોંધણી નં.૫૪/કવા-૦૧/૨૦૧૯-૨૦ ફરિયાદ બાબતે અત્રેની કચેરી દ્વારા કેશોદ (ગ્રામ્ય-૧) (આર.ઈ.) ને જરૂરી ચકાસણી કરી આનુષંગિક દસ્તાવેજો સાથે અહેવાલ પાઠવવા જણાવેલ. જે અનુસંધાને કેસની વિગતો નીચે પ્રમાણે છે.

3.૧ શ્રી જગદીશભાઈ મોહનભાઈ ખાનપરા હાલ-રહેવાસી જુનાગઢ દ્વારા તેમની કેશોદ તાલુકાના કાલવાણી ગામે તેમની ખેતીવાડીની સર્વે નં.૪૯/પૈકી ૨/પૈકી ૨ વાળી જમીન પર નવા ખેતીવાડી વિજ કનેક્શન માટે રૂ.૨૦૦.૦૦,રસીદ નં.AP ૯૫૧૭૭૯ થી તા.3૦.૦૮.૨૦૧૦ ભરપાઈ કરેલા. જેના અનુસંધાને પ્રાયોરીટી રજીસ્ટર મુજબ તેમનો ક્રમ આવતા પત્ર નં.કે.એસ.ડી./રૂ-૧/૮૫૧૨,તા.૧૧.૧૧.૨૦૧૬ થી તેમને ખુટતી વિગતોની પૂર્તતા કરવા પત્ર પાઠવાયેલ. બિલિંગ વિભાગ દ્વારા “નો ડ્યું” પ્રમાણપત્ર ના અનુસંધાને ચકાસણી કરતા એવું ધ્યાન પર આવેલ કે ગામના નમુના નંબર ૬ મુજબ જુના સર્વે નં.૫૭/પૈકી 3 એકત્રીકરણ પછી ૪૯ પૈકી ૨ અને હાલ ૪૯/પૈકી ૨/પૈકી ૨ મા જે કુવો છે તેમાં શ્રી જગદીશભાઈ મોહનભાઈ ખાનપરા ના પિતાશ્રી મોહનભાઈ જીવરાજભાઈ ખાનપરા અને શ્રી લક્ષ્મીદાસ જીવરાજ ખાનપરા અને શ્રી ગોરધનભાઈ જીવરાજભાઈ ખાનપરા ના વારસદારો અમૃતલાલ ગોરધનભાઈ શાંતિલાલ ગોરધનભાઈ-ચંદુલાલ ગોરધનભાઈ વિજયાબેન ગોરધનભાઈ કાન્તાબેન ગોરધનભાઈ મંગળાબેન ગોરધનભાઈ અને સ્વ. ગોરધનભાઈ જીવરાજભાઈ ના પત્નીશ્રી દુધીબેન ગોરધનભાઈ વગેરે ભાગીદાર છે. તે પૈકી શ્રી અમૃતલાલ ગોરધનભાઈ ખાનપરા ના નામે ગ્રા.નં.૮૦૨૫૨૦૦૪૪૨/૬ થી ૧૫ હો.પા. નું ખેતીવાડી નું A1 કેટેગરીનું પી.ડી.સી.વિજ કનેક્શન આવેલું હતું જેમાં રૂ.૮૦૦૦.૦૧ બાકી લેણાં નીકળતા હતા.કંપનીના નિયમાનુસાર નવા ખેતીવાડી વિજ કનેક્શન માટે “નો ડ્યું” પ્રમાણ પત્ર માટે કોઈ લેણું બાકી ન હોવું જોઈએ. જે અનુસંધાને શ્રી અમૃતલાલ ગોરધનભાઈ ખાનપરા પાસેથી તેમના પી.ડી.સી. વિજ કનેક્શન ૮૦૨૫૨૦૦૪૪૨/૬ ના બાકી પૈકી રૂ.૧૨૦૦.૦૦ રસીદ નં.૫/PN ૪૮૨૯૧૬ તા.૨૩.૦૮.૨૦૧૨ રૂ.૧.૦૦ રસીદ નં.૫/PN ૫૦૯૦૦૪ તા.૦3.૦૧.૨૦૧૩ અને રૂ.૬૮૦૦.૦૦ રસીદ નં.૫/WQ ૪૦૭૧૯૪ થી તા.૨૧.૦૭.૨૦૧૭ આમ કુલ રૂ.૮૦૦૧.૦૦ વસુલ કરાયેલ.

3.૨ અરજદાર દ્વારા રજુ કરેલ રેવન્યુ દસ્તાવેજો અને કેશોદ(ગ્રામ્ય-૧) (આર.ઈ.) દ્વારા સર્વે દરમ્યાન ધ્યાન પર આવેલ કે શ્રી જગદીશભાઈ મોહનભાઈ ખાનપરાની કેશોદ તાલુકાના કાલવાણી ગામે સર્વે નં.૪૯/પૈકી-૨/પૈકી-૨ ની જમીનનું કુલ ક્ષેત્રફળ હે.૧-૩૨ આરે-૫૩ ચો.મી.ના રેવન્યુ દસ્તાવેજ ૭-૧૨ મુજબ કુવો કે જેના પર ગ્રા.નં. ૮૦૨૫૨૦૦૨૮૫/૭ થી ૫ હો.પા. નું A1 કેટેગરીનું ખેતીવાડી વિજ કનેક્શન શ્રી મોહનભાઈ જીવરાજભાઈ ખાનપરા ના નામનું હયાત અને હાલ ચાલુ છે.

3.3 ઉપરોક્ત મુદ્દા નં 3.૨ મુજબ – સદર કુવામાં પાણી તથા ઇલેક્ટ્રિક કનેક્શનમાં જમીનના પ્રમાણમાં

(૧) શ્રી જગદીશભાઈ મોહનભાઈ ખાનપરા ના અન્ય બે ભાઈઓ

(૨) શ્રી ગીરીશભાઈ મોહનભાઈ ખાનપરા

(૩) શ્રી ભરતભાઈ મોહનભાઈ ખાનપરા અને અન્ય એક આસામી

(૪) શ્રી ચંદુલાલ ગોરધનભાઈ ખાનપરાને પાણી લેવાનો હક્ક છે. આ વિજ કનેક્શન શ્રી મોહનભાઈ જીવરાજભાઈ ખાનપરાને તેમની માંગણી મુજબ તા.૦૩.૧૧.૧૯૭૮ મા સર્વે નં.૫૭/પૈકી ૩ મા અપાયેલ.ત્યારબાદ રેવન્યુ દસ્તાવેજ ૭-૧૨ મુજબ સર્વે નં.૫૮-૫૯ અને ૫૭/પૈકિ ૩ નું એકત્રીકરણ થતા સર્વે નં.૪૯/પૈકી ૨ અસ્તિત્વ મા આવેલ.

ત્યારબાદ શ્રી મોહનભાઈ જીવરાજભાઈ ખાનપરા દ્વારા તેમની હયાતીમાં ત્રણે ભાઈઓને જમીનની વહેચણી કરાતા શ્રી જગદીશભાઈ મોહનભાઈ ખાનપરાના ભાગમાં ૪૯/પૈકી ૨/પૈકી ૨ સર્વે નં વાળી જમીન આવેલી જેમાં જુનો કુવો અને વિજ કનેક્શન આવેલું હોઈ, વળી શ્રી જગદીશભાઈ મોહનભાઈ ખાનપરાના સર્વે નં. નું ક્ષેત્રફળ ૮ એકર થી ઓછું હોઈ કેશોદ (ગ્રામ્ય-૧) (આર-ઈ.) દ્વારા કંપનીના પ્રવર્તમાન નિયમાનુસાર શ્રી જગદીશભાઈ મોહનભાઈ ખાનપરાને વિજ કનેક્શન આપાયેલ નથી.

૩.૪ અરજદાર શ્રી જગદીશભાઈ મોહનભાઈ ખાનપરા દ્વારા તેમના નાના ભાઈ શ્રી ગીરીશભાઈ મોહનભાઈ ખાનપરાને વિજ કનેક્શન અપાયેલ છે. જે અનુસંધાને જણાવવાનું કે શ્રી ગીરીશભાઈ મોહનભાઈ ખાનપરાના ભાગે ૪૯/પૈકી ૨/પૈકી ૩ ની ખેતીવાડીની જમીન આવેલી છે.જે સર્વે નં. શ્રી જગદીશભાઈ મોહનભાઈ ખાનપરા ના સર્વે નં થી અલગ છે.

ઉપરોક્ત બાબતે શ્રી ગીરીશભાઈ મોહનભાઈ ખાનપરા દ્વારા કંપનીના નિયમાનુસાર નવા ખેતીવાડી વિજ કનેક્શન માટે જરૂરી તમામ દસ્તાવેજો સાથે નોંધણી કરાવતા નિયમાનુસાર પ્રાયોરીટી યાદી મુજબ તેમનો ક્રમ આવતા તેમને સર્વે નં ૪૯/પૈકી ૨/પૈકી ૩ માટે ખેતીવાડી વિજ કનેક્શન અપાયેલ છે.

૩.૫ ઉપરોક્ત સ્પષ્ટતા અરજદારને સ્થાનિક પેટા વિભાગીય કચેરી કેશોદ (ગ્રામ્ય-૧) (આર.ઈ.) દ્વારા પત્ર નં.કે.એસ.ડી./આર-૧/આર.ઈ./૩૪૪૬, તા.૧૦.૦૭.૧૯ થી સમગ્ર હકીકતથી વાકેફ કરેલ છે.

૩.૬ ફોરમ કમિટી ની સુચના મુજબ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ફરીયાદી અરજદાર શ્રી ની હાજરીમાં સ્થળ રોજકામ તા.૦૫–૦૮–૧૯ મુજબ રજુ કરેલ છે, તે મુજબ – ફરીયાદી અરજદાર શ્રી ના સર્વે નંબર ૪૯ / પી– ૨ / પી– ૨ મા એક બોર અને એક કુવો આવેલ છે, જેમા કુવા ઉપર ૦૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં. – ૮૦૨૫૪ / ૦૦૨૮૫ / ૭ થી મોહન જીવારાજ ના નામથી, ગામ – ખલવાણીમાં એ–૧ ટેરીફ મુજબ તા.૦૩–૧૧–૭૮ થી વીજજોડાણ ધરાવે છે. જેમા, સદર વીજજોડાણમાં અન્ય ૦૫ ખેડુત નો પાણી લેવાનો હકક છે. આમ, સદર વીજજોડાણમાં કુલ ૦૬ ખેડુતો ની સંયુકત જવાબદારી છે. તેમજ, અરજદાર ના ભાઈ શ્રી ગીરીશભાઈ મોહનભાઈ ખાનપરા નુ ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં. – ૮૮૦૫૨ / ૦૧૦૩૫૫ / ૬ થી ૭.૫ હોપાનુ તેઓના સર્વે નંબરઃ ૪૯ / પી– ૨ / પી– ૩ માં પિયત કરવા માટે સંયુકત કુવો – જે જગદીશભાઈ મોહનભાઈ ખાનપરા ના સર્વે નંબરમાં આવેલ છે, તેમા વીજજોડાણ ધરાવે છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી જગદીશભાઈ મોહનભાઈ ખાનપરા હાલ-રહેવાસી જુનાગઢ દ્વારા તેમની કેશોદ તાલુકાના કાલવાણી ગામે તેમની ખેતીવાડીની સર્વે નં.૪૯/પૈકી ૨/પૈકી ૨ વાળી જમીન પર નવા ખેતીવાડી વિજ કનેક્શન માટે રૂ.૨૦૦.૦૦,રસીદ નં.AP ૯૫૧૭૭૯ થી તા.૩૦.૦૮.૨૦૧૦ ભરપાઈ કરેલા. જેના અનુસંધાને પ્રાયોરીટી રજીસ્ટર મુજબ તેમનો ક્રમ આવતા સામેવાળા ના પત્ર નં.કે.એસ.ડી./રૂ-૧/૮૫૧૨,તા.૧૧.૧૧.૨૦૧૬ થી તેમને ખુટતી વિગતોની પૂર્તતા કરવા પત્ર પાઠવાયેલ. જે અનુસંઘાને અરજદાર શ્રી દ્વારા તા.૦૫–૧૨–૧૬ ના નિયત અરજી ફોર્મ અને જરૂરી આધાર–પુરાવા પેટા વિભાગીય કચેરી કેશોદ ગ્રામ્ય –૧ માં રજુ કરેલ, તે મુજબ અરજદાર દ્વારા સર્વે નંબરઃ ૪૯ પૈકી ૨ પૈકી ૨ ના કુવા માથી બોર મા શીફટીંગ કરવા માટે જણાવેલ.

૪.૨ અરજદાર શ્રી દ્વારા રજુ કરેલ કેશોદ તાલુકાના કાલવાણી ગામના હકક પત્રક નં–૬ મુજબ નોંધ નં. – ૨૮૨૩ તા.૨૪–૦૩–૨૦૦૮ મા ખાતાનં. – ૨૦૦ થી શ્રી મોહનભાઈ જીવરાજભાઈ ખાનપરા એ પોતાની હૈયાતીમાં ખાતાની વહેચણી નીચે મુજબ કરેલ છે.

(૧) શ્રી જગદીશભાઈ મોહનભાઈ ખાનપરા ના ભાગે સર્વે નંબરઃ ૪૯ પૈકી ૨ હેકટર – ૧–૩૨–૫૩ (ઉત્તર તરફ)

(૨) શ્રી ગીરીશભાઈ મોહ્નભાઈ ખાનપરા ભાગે સર્વે નંબરઃ ૪૯ પૈકી ૨ હેકટર – ૧–૩૦–૫૧ (વચ્ચે)

(૩) શ્રી ભરતભાઈ મોહ્નભાઈ ખાનપરા ભાગે સર્વે નંબરઃ ૪૯ પૈકી ૨ હેકટર – ૧–૨૮–૪૯ (દક્ષિણ) તેમજ – જગદીશભાઈ મોહ્નભાઈ ખાનપરા ના ભાગમા આવેલ સર્વે નંબરઃ ૪૯ પૈકી ૨ ના કુવામાં ૧/૨ ભાગમાથી ત્રણેય પુત્રો તથા ચંદુલાલ ગોરધનભાઈ ખાનપરાનો પાણી તથા ઈલેકટ્રીક જોડાણ મા જમીનના ક્ષેત્રફળ મુજબ ભાગ રહેશે.

૪.૩ અરજદાર શ્રી દ્વારા રજુ કરેલ કેશોદ તાલુકાના કાલવાણી ગામના નમુના નં– ૮–અ મા તા.૨૨–૧૨–૧૦ ની સ્થિતીએ હકક પત્રક નં–૬ ની નોંધ નં. – ૨૮૨૩ મુજબ સર્વે નંબરઃ ૪૯ પૈકી ૨ પૈકી ૨ માં શ્રી જગદીશભાઈ મોહ્નભાઈ ખાનપરા ની ખેતીની જમીન ૧–૩૨–૫૩ હે.આરએ.ચોમી ધરાવે છે. તેમજ ગામના નમુના નં–૬ નોંધ નં. – ૪૧૧૩ તા.૦૩–૧૨–૧૬ મુજબ – શ્રી જગદીશભાઈ મોહ્નભાઈ ખાનપરા ના નામે ખેડ ખાતાનં. – ૬૮૫ થી ચાલે છે, જે સર્વે નંબરઃ ૪૯ પૈકી ૨ પૈકી ૨ ની જમીનમાં તેઓએ બોર–૧ બનાવતા ગામના નમુના નં–૧૬ ની નોંધના આધારે નોંધ લીધેલ છે.

૪.૪ અરજદાર શ્રી જગદીશભાઈ મોહ્નભાઈ ખાનપરા ના ભાગમા આવેલ જમીનમાં મજમુ કુવા ઉપર ગ્રાહક નં. – ૮૦૨૫૨૦૦૨૮૫/૭ થી ૫ હો.પા. નું A1 કેટેગરીનું ખેતીવાડી વિજ કનેક્શન શ્રી મોહ્નભાઈ જીવરાજભાઈ ખાનપરા ના નામનું હ્યાત અને હ્રાલ ચાલુ છે. તેમજ અરજદાર શ્રી ના ભાગે આવેલ જમીનનુ ક્ષેત્રફળ ૦૮ એકર થી ઓછુ હોય – એકજ સર્વે નંબરમાં બીજુ વીજજોડાણ મળી શકે નહી. જેની જાણકારી અરજદારને પીજીવીસીએલ ની સબંઘક પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર તા.૧૦–૦૭–૧૯ થી અપાયેલ છે.

૪.૫ પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૨/આરએનઆર/૨૦૪૪, તા.૨૫–૧૦–૧૬ મા કરાયેલ જોગવાઈના મુદદા નં. (૧) મુજબ ની વિગતે ''અરજદાર / ગ્રાહક ૮ ( આઠ) એકર થી વધારે ક્ષેત્રફળ હોય તેવા સળંગ એક જ સર્વે નંબરમાં બીજુ ખેતી વિષયક વીજજોડાણ મેળવી શકાશે.... ''

<u>૪.૬</u> સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૪ અને ૪.૫ અન્વયે – અરજદારની રજુઆત મુજબ – તેઓના ખેતીવાડી સર્વે નંબરઃ ૪૯ પૈકી ૨ પૈકી ૨ મા આવેલ હૈયાત કુવામા – તેઓ સહીયારૂ વીજજોડાણ ધરાવતા હોય, પીજીવીસીએલ દ્વારા સદર સર્વે નંબરમાં બીજુ ખેતીવાડી વીજજોડાણ આપી શકાય નહી. જે બાબત નિયમાઘીન હોય, અરજદાર ની રજુઆત ગ્રાહય રાખવામા આવતી નથી.

<u>૪.૭</u> સદર કેઈસ મા, મુદદા નં. ૪.૬ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

<u>૪.૮</u> અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામુંઃ વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯